# ૯૮ સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા શરૂ

## એનએફએસએ પરિવારોને આજથી ઘઉં-ચોખા : રાજ્યમાં ૪૦૦૦૦ ઉદ્યોગ-એકમો કાર્યરત થતાં શ્રમિકોને રોજગારી મળી : નિર્માણ હેઠળ પ્રોજેક્ટોમાં પણ રોજગારી

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં મહાનગરપાલિકા-નગરપાલિકા વિસ્તાર સિવાયના વિસ્તારોની ૯૮ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી કામગીરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના આ નિર્ણય સહિત રાજ્ય સરકારના અન્ય મહત્વપૂર્ણ પગલાંઓની વિગતો મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, જે ૯૮ સબ રજીસ્ટ્રાર કચેરીઓ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં માત્ર ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવીને અને ઓનલાઈન નોંધણી ફી ભરીને જ દસ્તાવેજ નોંધણી માટે જવાનું રહેશે. હાલના તબક્કે નોંધણી સિવાયની નાગરિકલક્ષી નકલ અને શોધની કામગીરી હાથ ધરાશે નહિ. પ્રવર્તમાન કોરોના વાયરસ સંક્રમણની સ્થિતીમાં કોવિડ-૧૯ અંગેના સોશિયલ ડિસ્ટન્સીંગ, સેનીટાઈઝેશન સહિતના બધા જ તકેદારીના પગલાં લેવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે તેમ મુખ્યમંત્રીશ્રીના સચિવે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ આ સબ રજીસ્ટ્રાર કચેરીઓ માટે એવી સ્પષ્ટ સૂચનાઓ પણ આપી છે કે, આ કચેરીઓ જયાં હોય તે સ્થાનિક વિસ્તાર હોટસ્પોટ જાહેર થાય કે ત્યાં કરફયુ જાહેર થાય તો આવી કચેરી તુરત જ બંધ કરી દેવાની રહેશે. મુખ્યમંત્રીએ રાજ્યમાં તા.૨૦ એપ્રિલથી ગ્રામ્ય વિસ્તારોમાં ઊદ્યોગ પૂનઃ શરૂ કરવા કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ અનુસાર આપેલી મંજુરી અંતર્ગત ૪૦ હજાર જેટલા ઊદ્યોગ-એકમો કાર્યરત થયા છે. આવા ઊદ્યોગોમાં અંદાજે પાંચ લાખ શ્રમિકો-કામદારોને રોજગારી મળતી થઈ છે એની વિગતો મુખ્યમંત્રીના સચિવે આપી હતી. રાજ્યના મહાનગરો-નગરોમાં નિર્માણાધિન બાંધકામ પ્રોજેકટસને પણ શ્રમિકો-મઝદૂરોના સાઈટ પર જ રહેવાની વ્યવસ્થાઓ સાથે તા. ૨૦ એપ્રિલથી શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી છે. આવા ૫૭૩ જેટલા નિર્માણાધિન બાંધકામ પ્રોજેકટસમાં ૨૦ હજાર જેટલા શ્રમિકો રોજી-રોટી મેળવી રહ્યા છે એમ પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે ઉમેર્યુ હતું. તેમણે જણાવ્યું કે, લોકડાઉનના આ સમયમાં ખેડૂતોને પોતાના ખેત ઉત્પાદનો માર્કેટયાર્ડ-બજાર સમિતીમાં વેચીને આવક મેળવવાની વ્યવસ્થા આપવાના મુખ્યમંત્રીશ્રીના નિર્ણયને પગલે રાજ્યના ૧૨૭ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી-માર્કેટયાર્ડમાં અત્યાર સુધીમાં ૪ લાખ ૪૨ હજાર ૮૬૦ કવીન્ટલ અનાજ-ખેત ઉત્પાદનની આવક થઈ છે.



આ અનાજમાં મુખ્યત્વે ઘઉંની આવક ૨,૪૨,૯૦૪ કવીન્ટલ તેમજ ૧,૨૩,૩૮૯ કવીન્ટલ એરંડાનો સમાવેશ થાય છે એમ પણ શ્રી અશ્વિનીકુમારે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ રાજ્યના ૬૬ લાખ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો - પરિવારો જેઓ દ્વહ્રજીછ અંતર્ગત અનાજ મેળવે છે તેવા પરિવારોને આર્થિક આધાર માટે રૂ. ૧ હજાર બેન્ક ખાતામાં જમા કરાવવાનો સંવેદનશીલ અભિગમ દર્શાવેલો છે. તદઅનુસાર, જે કામગીરી ચાલી રહી છે તેમાં આ સપ્તાહના અંત-શનિવાર તા. ૨૫ એપ્રિલ સુધીમાં આવા ૪૧ લાખ અંત્યોદય પરિવારોને આવરી લઈને રૂ. ૪૧૦ કરોડની સહાય આપી દેવાશે તેમ પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું હતું. આ ૬૬ લાખ પરિવારોને વિનામૂલ્યે ૩.૫૦ કિલો ઘઉં અને ૧.૫૦ કિલો ચોખાનું તા. ૨૫ મી એપ્રિલથી ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ આરંભ થશે એમ પણ મુખ્યમંત્રીના સચિવે કહ્યું હતું. તેમણે લોકડાઉનના ૩૧મા દિવસે રાજ્યમાં દૂધ શાકભાજી અને ફળફળાદિની ઉપલબ્ધિની વિગતો આપી હતી.

શુક્રવારે સવારે ૪૯.૨૮ લાખ લીટર દૂધનું વેચાણ થયું છે તેમજ ૧ લાખ ૧૯ હજાર ૩૨૬ કવીન્ટલ શાકભાજી માર્કેટમાં આવ્યા છે એમ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું. આ શાકભાજીમાં ૨૬,૮૯૩ કવીન્ટલ બટાકા, ૮૪,૨૮૨ કવીન્ટલ ડુંગળી તેમજ કુલ ૧૫,૯૯૦ કવીન્ટલ ફળફળાદિની આવક પણ થઈ છે તેની માહિતી તેમણે આપી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**કોરોનાથી તો સરકાર બચાવી લેશે... પણ તું અનાજ બચાવજે... નહીં તો બચીશ નહીં...!!**

## ગોધરામાં એસઆરપીના ૧૭ જવાનોના પોઝિટિવ

અમદાવાદ,તા.૨૪

છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદ શહેરમાં કોરોના વાઈરસનો ફેલાવો બહુ ગંભીર અને ખતરનાક હદે વકરી ગયો છે. પોઝિટિવ વ્યક્તિનો ચેપ હવે માત્ર તેના પરિવાર કે પાડોશી નહીં નહીં પરંતુ ફ્રન્ટ લાઈન વોરિયર્સમાં પણ ફેલાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૭૦ કર્મચારીઓ કોરોના પોઝિટિવનો ભોગ બન્યા છે. જેમાં ૧૮ ડોકટરો, ૧૦ પેરામેડીકલ સ્ટાફ, સફાઈ કામદાર સહિતના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ તમામ ફ્રન્ટ લાઈન વોરિયર્સ કોરોના વાઈરસ સામે લડત આપી રહ્યા હતા અને તેઓ કોઈને કોઈ વ્યક્તિના સંક્રમણના ભોગ બન્યા હતા. અમ્યુકો સત્તાવાળાઓ દ્વારા આ ૭૦ કર્મચારીઓની યાદી પણ જાહેર કરવામાં આવી છે અને તેઓને સારવાર હેઠળ તો દાખલ કરાયા છે જ પરંતુ સાથે સાથે તેઓ જે લોકોના સંપર્કમાં આવ્યા છે તે તમામ લોકોને પણ કવોરન્ટાઈન કરવામાં આવ્યા છે. અમદાવાદમાં જો ફ્રન્ટલાઈન વોરિયર્સના પોઝિટિવ કેસની વાત કરીએ તો પોલીસમાં ૬૬ જેટલા કેસ પોઝિટિવ આવ્યા છે અને કોર્પોરેશનના ૭૦ કેસ પોઝિટિવ આવતા કુલ ૧૩૬ જેટલા સરકારી કર્મચારીઓ પોઝિટિવ કેસના ભોગ બન્યા છે. જેને લઈ હવે ખુદ રાજય સરકાર, અમ્યુકો તંત્ર અને જિલ્લા વહીવટી તંત્ર પણ ચિંતિત બન્યા છે. બીજીબાજુ, ગોધરામાં આજે એસઆરપી ગ્રુપ પાંચની એ કંપનીના ૧૭ જવાનોનો રિપોર્ટ પોઝિટિવ આવતાં એસઆરપી અને પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો હતો.



કોરોનાની મહામારી વચ્ચે આરોગ્યકર્મીઓ સતત ખડેપગે રહી પોતાની ફરજ બજાવી રહ્યા છે. સરગાસણ ચોકડી પર આવતા-જતા વાહનોને રોકી ગાંધીનગરમાં પ્રવેશનાર તમામ લોકોનું સ્કીનીંગ કરવામાં આવી રહ્યું છે.

## મોર્નિંગ વોકમાં નિકળેલા નાગરિકો સામે પણ જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

કોરોનાના કોહરામને પગલે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ છે. તેમ છતા કેટલાક શહેરીજનો બિનજરુરી આંટાફેરા અને કામ વિના ઘરની બહાર નીકળે છે. પોલીસ તંત્ર દ્વારા લોકડાઉનના ભંગ બદલ કેસ કરવામાં આવી રહ્યા છે. તેમ છતા કોરોના મહામારીની ગંભીરતા ન સમજી શકનાર શિક્ષિત નાગરીકો ઘરમાં બેસી રહેતા નથી. કોરોના સંક્રમણ વચ્ચે પણ મોર્નિંગ વોકમાં નીકળેલા ૬ નાગરીકોને પોલીસે પકડી પાડ્યા છે. જેમાં સેકટર-૨ડી ખાતે રહેતા છાયાબેન ધીરેનકુમાર ઉપાધ્યાય, જયારે સેકટર-૨ સી વિસ્તારમાંથી રમણભાઈ લાલભાઈ પટેલ અને પ્રફુલ્લાબેન રમણભાઈ પટેલ, જયોતિરાવ અનંતરાવ ચીકોરડે, આશિષ દશરથભાઈ પટેલ જયારે સેકટર૨૬ ખાતે મોર્નિંગ વોક માટે નીકળેલા બંસીલાલ દેવચંદ બરંડા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. ગાંધીનગરના મહુંધરા ગામેથી શીવપુરાં કપા તરફ જતા માર્ગ પર શંકાસ્પદ રીતે પ્લાસ્ટીકના કોથળામાં સોપારી અને તમાકુનો ડબ્બો લઈને જતા જગદીશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ (રહે.મહુંધરા), આદિવાડા પ્રજાપતિવાસમાં આશાપુરા કિરણા સ્ટોર્સ ખાતે ગુટખાનું વેચાણ કરતા કુબેરસિંહ માનસિંહ ચૌહાણ (ઉં.૪૨) સામે પોલીસે ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત પોલીસે સેકટર-૧૧ સુમન ટાવર પાસેથી ૧, રાંધેજાથી ૧ અને ઝુંડાલથી ત્રાગડ ટોલટેક્ષ તરફ જતા માર્ગ પરથી ૧ ઈસમને બિન જરુરી રીતે આંટાફેરા મારતા પકડી પાડીને તમામ સામે જાહેરનામાં ભંગનો ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.



લૉકડાઉનમાં શહેરના તમામ શાકમાર્કેટ હાલમાં બંધ છે. જો કે સેકટરોમાં હજુ શાકભાજીની લારીઓ આવી રહી છે પરંતુ ચિંતાજનક વાત છે કે આ લારીઓ પર મહિલાઓ સોશિયલ ડીસ્ટન્સનું પાલન કરતી નથી. મહિલાઓ રીતસર શાકભાજીની લારીઓ પર ઉમટી પડે છે. જે ખૂબ જ ચિંતાજનક છે.

## જિલ્લાના શિક્ષકોએ મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં ૭૩ લાખ જમા કરાવ્યા

### એક દિવસનો પગાર રાહતફંડમાં આપવાની અપીલનો પ્રતિસાદ આપતા શિક્ષકો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાના શિક્ષકો દ્વારા રૂ. ૭૩,૯૨,૭૧૮ની રકમ રાજયના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં જમા કરાવવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે એક દિવસનો પગાર જમા કરાવવાની અપીલને ધ્યાને રાખી જિલ્લાના શિક્ષકોએ તેમના એક દિવસનો પગાર મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં જમા કરાવેલ છે.

આજ શિક્ષકોએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જરૂરિયાતમંદ પરિવારો માટે અનાજની કીટ બનાવી પણ વિતરણ કરી હતી. તે કીટ કોઈપણ પ્રકારના સમારોહ કે ફોટોગ્રાફસ લીધા સિવાય વિતરણ કરવામાં આવી હતી. આવી કીટની સંખ્યા પણ લગભગ ૩ હજાર જેટલી હતી અને તેનુ મૂલ્ય ૧૪ લાખ રૂ. જેટલુ થતુ હતુ જે નોંધનીય છે.

શિક્ષણ વિભાગના સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે દહેગામ તાલુકામાંથી રૂ. ૨૧,૩૧,૪૨૯, માણસા તાલુકામાંથી રૂ. ૧૧,૮૮,૪૬૬, ગાંધીનગર તાલુકામાંથી રૂ. ૨૩,૭૭,૪૧૭ અને કલોલ તાલુકામાંથી રૂ. ૧૬,૯૫,૪૦૬ની રકમ મળી કુલ રૂ. ૭૩,૯૨,૭૧૮ની રકમ શિક્ષકો દ્વારા મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં જમા કરાવવામાં આવેલ છે.

## ગાંધીનગરનો યુવાન કોરોના સંક્રમિતોનો ટેસ્ટ કરીને ગર્વ અનુભવે છે

કોરોનાની આ મહામારીમા આઝાદીના લડવૈયાઓની જેમ ડોક્ટર, નર્સ, પોલીસ કર્મીઓ, જવાનો સાથે અનેક શહેરીજનો દેશને બચાવવાની કામગીરી કરી રહ્યા છે. આવી રીતે જ કાર્ય કરતા જય પ્રજાપતિ કે જે એસ વી પી હોસ્પિટલ અમદાવાદ ખાતે સિનિયર લેબોરેટરી ટેકનિશિયન તરીકે ફરજ બજાવી રહ્યા છે. સંક્રમણ વધવાની




સાથે તેમની જવાબદારીમાં અમદાવાદના ઝોનમાં કોરોના વાયરસ દર્દીઓના ઘરે જઈ સેમ્પલ લેવાનું કામ આવ્યું. આ બાબતે વાત કરતાં તેઓ જણાવે છે કે, સવારે નવ થી દોઢ વાગ્યા સુધી એમ્બ્યુલન્સમાં તેમના હોસ્પિટલના ડોક્ટર અને પેરામેડિકલ સ્ટાફ ભેગા થઈને સેમ્પલ એકત્રિત કરતા હતા. આ દરમિયાન ફરજિયાત પણે પર્સનલ પ્રોટેકટિવ કીટ પહેરી ને કાર્ય કરવું પડતું હતું. આ દરમિયાન પહેરેલી કીટ કાઢીને પાણી કે ખોરાક ગ્રહણ ન કરી શકાય એકવાર કીટ પહેર્યા પછી જો ખોલવામાં આવે તો કોરોના સંક્રમણના ચાન્સીસ વધી જાય છે.

મારા આ કાર્ય ભાર બાબતે મારો પરિવાર સંપૂર્ણ રીતે માહિતગાર હતો મારી પત્ની હોસ્પિટલમાં મારી સાથે જ બાયો કેમેસ્ટ્રી વિભાગમાં કાર્ય કરે છે પરંતુ હાલ પ્રેગનેન્સી ના લીધે તે રજા ઉપર છે. હું ઘરેથી નીકળી અને ઘરે આવતો ત્યારે મને ડર રહેતો નહીં પણ ચિંતા રહેતી કે મારા લીધે મારા ઘરનાઓને અને ખાસ મારી પત્ની કે આવનાર બાળક ને કાઈ તકલીફ નહીં પડે ને ? પણ હું ત્યારે પણ પ્રિકોશન્સ લેતો અને હાલ પણ સંપૂર્ણપણે દરેક બાબતો ની કાળજી રાખી ને મારા દેશ અને શહેર માટે આ કામગીરી કરી રહ્યો છું. અને મારા દેશના ભલા માટે થતું કાર્ય કરીને મને ગર્વ નો અનુભવ થાય છે.

## આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી પહોંચવાની આગાહી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી દિવસોમાં ગરમી ખૂબ વધશે અને મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે.

આગામી દિવસોમાં હવે ધીરે ધીરે ચોમાસા અંગે જોઈએ તો મોસમ પૂર્વેના ચિન્હો જણાશે. એપ્રિલના આવનાર દિવસોમાં એપ્રિલ તા. ૨૮ સુધીમાં ગુજરાતના ભાગોમાં પણ વાદળછાયુ કે કમોસમી વરસાદ દરીયા કિનારાના ભાગોમાં તા. ૨૮મી એપ્રિલ સુધી થઈ શકે. અન્ય ભાગોમાં પણ વરસાદ કે કરા પડવાની સંભાવના રહે. મે. તા. ૧ થી ૫ માં બંગાળના ઉપસાગરમાં હવાનું દબાણ સર્જાતા દેશના પૂર્વિય તટીય ભાગોમાં વાવાઝોડુ થવાની શક્યતા રહે. કેટલાક ટાપુઓના દેશમાં પણ તેની અસર વર્તાય. સામાન્ય રીતે એપ્રિલ-મે માસમાં બંગાળના ઉપસાગરમાં ચોમાસુ પૂર્વે આવી ગતિવિધી થતી હોય છે. એપ્રિલ તા. ૨૭ થી ગરમી વધે અને મે. તા. ૮ સુધીમાં ઉત્તર-મધ્ય ગુજરાતમાં મહત્તમ ઉષ્ણતામાન વધે. કોઈ કોઈ ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૪ ડિગ્રી સેલ્સીયસને પાર કરી જાય. અમદાવાદ, વડોદરા, ખેડા, રાજકોટ, સુરેન્દ્રનગરના ભાગોમાં સખ્ત ગરમી પડે. ઉત્તર ગુજરાત, મહેસાણા, બનાસકાંઠા અને કચ્છના ભાગોમાં ગરમી સાથે પવનની ગતિ પણ રહે. વા. વંટોળ રહે. રાજ્યના ભાગોમાં મે તા. ૧૧ થી ૧૭ માં આંધી-વંટોળ સાથે કોઈ કોઈ ભાગોમાં વરસાદ કે છાંટા પડવાની સંભાવના રહે. આ અરસામાં તેજ ગતિની આંધીઓ શરૂ થાય. કેરળ કાંઠે ૨૯ થી ૩૧ મે માં ચોમાસુ વરસાદ થવાની સંભાવના રહે. જૂન તા. ૭ થી દરીયો ભારે તોફાની બને. આ પ્રક્રિયા ચોમાસુ પૂર્વેની ગતિવિધિના ભાગરૂપે છે કોઈ આપત્તિના ભાગરૂપે નથી. ભૌગોલિક બાબતોને ધ્યાનમાં રાખી જણાવેલ છે.



## મહાદલિત પરિસંઘ (રાષ્ટ્રીય) ગાંધીનગર દ્વારા અનાજની કીટનું વિતરણ

લોકડાઉનની પરિસ્થિતિમાં ડો.હેડગેવાર સ્મારક સમિતિ (રાષ્ટ્રીય સેવક સંઘ) ગાંધીનગર દ્વારા મહાદલિત પરિસંઘ (રાષ્ટ્રીય) ગાંધીનગરના માધ્યમથી આજે સવારે ચરેડી છાપરા તેમજ જીઈબી છાપરામાં ૧૫૦ કીટ (અનાજ)નું વિતરણ કરાયુ હતું. જયારે નાગરીકોને સરકારના નિતી નિયમોનું ચુસ્તપણે પાલન કરવા ઘરમાં રહો સુરક્ષિત રહો તેની સમજણ આપવામાં આવી હતી.



કોરોના વાયરસ સામે પ્રજા માટે સતત કામગીરી કરતી ગુજરાત સરકારની કામગીરીમાં સહભાગી બનવા ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ગોવિંદપુરા ગામના શ્રી ગોવિંદપુરા મહાકાળી એન્ડ રામજી મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીના રાહત ફંડમાં રૂ.૫૧ હજારનું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિરના મંડળના પ્રમુખ અરવિંદકુમાર પટેલ, મંત્રી દવજીભાઈ પટેલ તથા પંકજકુમાર પટેલ અને મંડળના તમામ સભ્યો સાથે અમીતભાઈ ચૌધરી તેમજ અગ્રણી જગદીશભાઈ પટેલ હાજર રહ્યા હતા.

### આઈસીએમઆર ગાઈડલાઈન મુજબ ટેસ્ટ થશે

## ક્લસ્ટરમાં રહેતી ગર્ભવતી બહેનોના કોવિડ ટેસ્ટ કરાશે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રવર્તમાન કોરોના વાયરસની સ્થિતીમાં રાજયની પ્રસુતા-સગર્ભા મહિલાઓના સુઆરોગ્ય માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવિએ પ્રચાર માધ્યમો સમક્ષ આ અંગેની વિગતો આપી હતી.

મુખ્યમંત્રીએ આરોગ્ય વિભાગને દિશાનિર્દેશો આપ્યા છે કે, રાજ્યમાં કલસ્ટર કન્ટેનમેન્ટ વિસ્તારોમાં તેમજ શ્રમિકો માટે ચલાવવામાં આવતા લેબર કેમ્પમાં રહેતી સગર્ભા બહેનો તથા હોટસ્પોટ જિલ્લાઓના કેન્દ્રોમાંથી ખસેડવામાં આવેલી આવી બહેનો જેમને પ્રસવ પીડા હોય કે આગામી પાંચ દિવસોમાં પ્રસુતિ થવાની હોય તેવી બહેનો બિમારીના કોઈ લક્ષણો ધરાવતી ન હોય તો પણ પ્રસુતા આરોગ્ય સંભાળની તકેદારી રુપે આવી બહેનોના કોવિડ-૧૯ તપાસણી ટેસ્ટ કરવામાં આવે. તેમણે ઉમેર્યુ કે, આવા ટેસ્ટ ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચ ઝસ્ઈની ગાઈડલાઈન્સ મુજબ કરવામાં આવશે. આરોગ્ય અગ્ર સચિવે રાજ્યમાં કોરોના ટેસ્ટની સંખ્યા ઉત્તરોત્તર વધારવામાં આવી છે તેની અન્ય વિગતો પણ પ્રચાર માધ્યમોને આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે તા. ૧ એપ્રિલના રોજના ૧૦૦ ટેસ્ટથી શરૂ કરીને તા. ૨૩ એપ્રિલ સુધીમાં રોજના ૨૯૬૩ ટેસ્ટ કરવામાં આવેલા છે. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયમાં દરેક જિલ્લાના નાગરિકોને આવા ટેસ્ટથી આવરી લઈ કોરોનાનો વ્યાપ અટકાવવા અપનાવેલા વ્યૂહને પગલે રાજયના બધા જિલ્લાઓમાંથી ૧૦૦-૧૦૦ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવતા એક જ દિવસમાં ૪૨૧૨ ટેસ્ટ પણ થયેલા છે. રાજ્યમાં આવા ટેસ્ટ માટે ૧૫ સરકારી અને ૪ ખાનગી મળીને ૧૯ લેબોરેટરી દરરોજના કુલ ૩૦૦૦ ટેસ્ટની ક્ષમતા સાથે કાર્યરત છે.

આ લેબોરેટરીમાં કરવામાં આવતા ટેસ્ટના રિપોર્ટ એક જ દિવસમાં આવી જાય તેવું ક્ષમતા નિર્માણ પણ કરવામાં આવ્યું છે એમ ડો.જયંતિ રવિએ જણાવ્યું હતું. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા વધુ ૧ લેબ ગાંધીનગર સરકારી મેડિકલ કોલેજ ખાતે શરૂ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે એમ પણ તેમણે જણાવ્યું હતું.સચિવે ઉમેર્યુ કે રાજ્યમાં કોરોના અંગેના ટેસ્ટ પૂર્વે પ્રારંભિક લક્ષણો ધરાવતા વ્યક્તિઓને ત્વરાએ શોધી શકાય તે માટે રેપિડ એન્ટી બોડી ટેસ્ટ કીટનો પણ વ્યાપક ઉપયોગ કરીને રાજ્યના ૩૦ જેટલા જિલ્લામાં આવા સર્વેલન્સ ટેસ્ટ શરૂ કરી દેવામાં આવ્યા છે. આવી ૨૪ હજાર કીટ ભારત સરકાર તરફથી ગુજરાતને આપવામાં આવી છે.



ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર દ્વારા સેકટર-૨૪માં ભુખ્યાને ભોજન તથા સુકો નાસ્તો પહોંચાડવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું.